જન્મદિને વધામણી



જયેશ કે ગોહેલ
નાયબ અધિક્ષક
સીએમઓ, ગાંધીનગર

પંઢરીનાથ શંકરરાવ જગતાપ
મો. ૯૮૨૫૦ ૨૯૨૦૪

રંજનબેન એ શાહ
ફોન : ૨૩૨૩૭૩૩૩

દિપકભાઈ સાંકાભાઈ પટેલ
મો. ૯૯૯૮૭ ૪૭૫૪૪

હેતલ કે દેસાઈ
મો. ૯૮૭૯૫ ૭૩૫૩૭

જયતિ હિમાંશુભાઈ દવે
મો. ૯૪૦૮૫ ૪૭૮૮૨

વૈભવ શૈલેષભાઈ ચુડાસમા
મો. ૯૬૮૭૯ ૨૪૧૫૦

દિવ્યરાજસિંહ જયેન્દ્રસિંહ બિહોલા
મો. ૯૯૦૪૬ ૫૮૬૧૪

ગાંધીનગર જિલ્લામાં પ્રથમ વખત

સૉફ્ટ બૉલની યુનિફાઈડ ગેઈમ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના આંગણે આજે એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે, જેમાં માનસિક વિશિષ્ટ અને સામાન્ય વ્યક્તિઓએ સાથે મળીને ભાગ લીધો હતો. આ વિશિષ્ટ કાર્યક્રમ હતો યુનિફાઈડ સ્પોર્ટ્સનો.

રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન, ગુજરાત, સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ગુજરાત અને નવજીવન સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આ વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

યુનિફાઈડ ગેઈમ એટલે એવી ગેઈમ જેમાં વિશિષ્ટ અને સામાન્ય એમ બંને પ્રકારના ખેલાડીઓ સાથે ભાગ લઈ રહ્યા હોય. અહીં આ રમતમાં પણ જિલ્લાના માનસિક વિશિષ્ટ ખેલાડીઓની સાથે તેમના પાંચ પ્રશિક્ષકો અને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનની ગુજરાત કચેરીના પાંચ સ્ટાફ મેમ્બર્સ ટીમમાં જોડાયા હતા. 'ગુજરાત લાયન્સ' અને 'ઇન્ડિયન' એમ બે ટીમમાં સરખે હિસ્સે વિશિષ્ટ અને સામાન્ય ખેલાડીઓ વહેંચવામાં આવ્યા હતા અને પછી બંને ટીમ વચ્ચે ફ્રેન્ડલી મેચનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાત લાયન્સ ટીમનો ચાર રને વિજય થયો હતો.

સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેક્ટર-૧૨ના પ્લેગ્રાઉન્ડ ખાતે સવારે ૯.૩૦ કલાકે આ વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અતિથિ તરીકે સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ભારતના વાઇસ ચેરમેન ડૉ. ડી જી ચૌધરી, રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન, ગુજરાત કચેરીના સંયુક્ત નિયામક ડી એસ પટેલ તથા ડેપ્યુટી ડિરેક્ટર એમ એન જાની અને બી એમ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.

આ વિશિષ્ટ ગેઈમનું સફળતાપૂર્વક આયોજન અને સંચાલન સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ગાંધીનગરના ગ્રોથ એન્ડ ડેવલપમેન્ટ મેનેજર જિજ્ઞેશ રાવલ, રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન, ગુજરાત કચેરીના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર રાજેન્દ્ર પંડ્યા અને નવજીવન સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ, ગાંધીનગરના પ્રશિક્ષક વિશ્વાસ મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

ગેઈમ સંપન્ન થયા બાદ એક ખાસ સમારોહમાં સ્પેશિયલ ખેલ મહાકુંભમાં રાજ્યકક્ષાએ ઈનામો પ્રાપ્ત કરનાર અને શિક્ષા અભિયાન અંતર્ગત આવરી લેવાયેલા ૨૫, રાષ્ટ્રીયકક્ષાએ ખેલકૂદમાં ભાગ લેનારા ૩ તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખેલકૂદમાં ભાગ લેનારા ૧ વિશિષ્ટ ખેલવીરનું સન્માન કરવામાં આવ્યું હતું. માનસિક વિશિષ્ટ વિદ્યાર્થીઓ માટે વર્ષ દરમિયાન ઉલ્લેખનીય કામગીરી કરનારા પાંચ વિશિષ્ટ શિક્ષક ભોળાભાઈ પટેલ, વિરેન્દ્ર ભટ્ટ, પ્રકાશ ગોસ્વામી, જિતેન્દ્ર પટેલ અને અર્ચના રાવલનું સન્માન પણ આ સમારોહ અંતર્ગત કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લામાં આ પ્રકારની ગેઈમ પ્રથમ વખત અને સંભવતઃ રાજ્યમાં પણ પ્રથમ વખત યોજાઈ હતી. અલબત્ત, નગરના ખેલપ્રેમીઓની સંખ્યા ઓછી હતી, પણ જેટલા ખેલપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા તેમણે આ સાવ નવી અને રસ પડે એવી ગેઈમને મન મૂકીને માણી હતી ને તેમાં ભાગ લઈને ઈતિહાસ રચનારા સૌ ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

ડાયરેક્ટ ❤ સે

માનવ
ગમે તેટલો પ્રયત્ન કરી લે
પરંતુ
અંધારામાં છાયા
વૃધ્ધાવસ્થામાં કાયા
અને
અંત સમયમાં માયા
સાથ નથી આપતી

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
દંગલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

સ્ક્રીન-૨
કહાની-૨
૧.૩૦, ૪.૩૦
૭.૩૦. ૧૦.૩૦

સ્ક્રીન-૩
દંગલ
૧૧.૩૦. ૨.૩૦,
૫.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪
બેફિકરે
૧૨.૪૫
ડિયર જિંદગી
૩.૪૫
કહાની-૨
૯.૪૫

સ્ક્રીન-૫
બેફિકરે
૩.૩૦, ૧૦.૦૦
દંગલ
સવારે ૧૦.૦૦

સ્ક્રીન-૬
દંગલ
૯.૩૦
બેફિકરે
૬.૪૫
ડિયર જિંદગી
સવારે ૧૦.૦૦

ગૂજરાત વિદ્યાપીઠ-રાંધેજા ખાતે વિદ્યાર્થીઓ માટે 'કેશલેસ' તાલીમ

ગાંધીનગર, તા.૨૮

ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે શિક્ષા સંકુલમાં વિદ્યાર્થીઓ માટે કેશલેસ થવા માટેની તાલીમ યોજાઈ. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીએ જે કેશલેશની ક્રાંતિ કરી છે અને ભ્રષ્ટાચારમુક્ત મુક્ત સમાજની જે મુહિમ ઉપાડી છે તેમાં શિક્ષિત યુવાનો સક્રિયરીતે ભાગીદાર બને તે હેતુથી જાગરૂતતા અને વ્યાવહારિક એપ્લીકેશન અંગેની તાલીમ આયોજિત કરવામાં આવી હતી. તાલીમ સત્રના આરંભમાં યુવાઓમાં કેશલેસની તાલીમની જરૂરિયાત ઉપર ભાર મૂકતા સંયોજક ડૉ. રાજીવભાઈ પટેલે જણાવ્યું હતુ કે કેશલેસ ઇકોનોમી રાષ્ટ્રના હિતમાં છે. નિકટ ભવિષ્યમાં તે સાર્વત્રિક થશે તેથી બધા યુવાનોને તેને સમજવાની તથા સમાજના વિવિધ વર્ગો સુધી પણ આ શિક્ષણ પૂરી સમજ સાથે પહોંચાડવાની પણ એટલી જ જરૂરિયાત છે. આ પ્રક્રિયામાં બધા વિદ્યાર્થી ભાઈ - બહેનો સરખી અને સક્રિય ભૂમિકા ભજવી શકે.

તાલીમ વિષયના નિષ્ણાંત ડૉ. સતીષભાઈ પટેલે કેશલેસ કેવી રીતે બની શકીએ તે વિશેની વર્તમાન પ્રચલિત પધ્ધતિઓ વિગતવાર રસપ્રદ રીતે સમજાવી અને રાષ્ટ્રીય કક્ષાએ પ્રસારિત વીડિયો પણ બતાવ્યા જેથી માહિતી સહજતાથી વિદ્યાર્થિઓને સમજાઈ જાય અને લોકો ભ્રમોથી પણ દૂર થાય. લોકો જે બેંકનું ખાતુ ધરાવે છે તે બેંકના ડેબિટ કાર્ડ થકી આર્થિક વ્યવહારો કરી શકે છે. અને જે લોકોનું હાલમાં બેંક ખાતુ નથી તેઓ પ્રિપેઈડ કાર્ડ લઈ કેશલેસ વ્યવહારો કરી શકી છે તથા ક્રેડિટ કાર્ડનો પણ ઉપયોગ કરી શકે. લોકો વિકલ્પ તરીકે સામાન્ય વોલેટની જગ્યા ઈ-વોલેટનું ઉપયોગ પણ કરી શકે છે જેમ કે એસ.બી.આઈ. બડી, પેટીએમ વગેરે જેમાં પોતાના ખાતામાંથી રુપિયા ટ્રાંસફર કરી બોલેટમાં નાખે પછી પેમેંટ કરી દે છે.

મેઝિક હેટ સ્કૂલ દ્વારા નાતાલની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોએ સાંતા ક્લોઝની વેશભૂષા ધરીને માહોલને રંગીન બનાવી દીધો હતો.

ઐતિહાસિક પોળો ફોરેસ્ટમાં સાદરા એનએસએસનું સ્વચ્છતા અભિયાન

ગાંધીનગર, તા.૨૮

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા ગુજરાત વિદ્યાપીઠ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ અને વનપ્રસારણ વિભાગ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ઐતિહાસિક સ્થળ પોળો ફોરેસ્ટમાં રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકોએ સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સફાઈ અને પ્લાસ્ટિક એકત્રિત કરવાની સરસ કામગીરી કરી અને સાથે સાથે લોકો વનમાં ગંદકી ન કરે અને પ્લાસ્ટિક વનોમાં ના ફેંકે તેની જાગરુકતાના સંદર્ભમાં સરસ બે દિવસીય કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં ૫૦ રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકોને પાંચ ટુકડીઓમાં વિભાજીત કરી જુદા જુદા ભાગોમાં સફાઈ અને પ્લાસ્ટિક વીણવાની હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુકડીના લીડર તરીકે રાજુ ભૂતિયા, ભરત નાવડીયા, વિશાલ મેતીયા, નિલેશ વાજા અને હિંમત ચાવડાએ સરસ કામગીરી બજાવી હતી અને અંદાજીત બે ટ્રેકટરની ટ્રેલર ભરી પ્લાસ્ટિક એકત્રિત કરવામાં આવ્યું હતું. હરિફાઈમાં લીડર વિશાલ મેતીયાની ટુકડી વિજેતા થઈ હતી. કાર્યક્રમમાં મુખ્ય ભૂમિકા નાયબ વનસંરક્ષક પ્રતાપસિંહ ડાભીએની રહેલી હતી. કાર્યક્રમના સંચાલનમાં વન વિભાગના અધિકારીઓ અને ડૉ. ઉદાજી પરમાર અને રમેશભાઈ પટેલે કર્યું હતું. સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટે કર્યું હતું. મુખ્ય વ્યવસ્થા સંસ્થાના ડીન પ્રો. જમનાદાસ સાવલીયાએ કરી હતી.

ગુલાબચંદ પટેલને સાહિત્ય સરોજ હિન્દી-મૈત્રી સન્માન એનાયત

ગાંધીનગર, તા.૨૮

હિન્દી-ગુજરાતી કવિ-લેખક તેમજ શિક્ષણાધિકારી કચેરીના નિવૃત્ત સુપ્રિન્ટેન્ડેન્ટ અને વ્યસનમુક્તિ અભિયાનના પ્રણેતાને ગરમર વેલ્ફેર સોસાયટી આયોજિત અખિલ ભારતીય સાહિત્યકાર સંમેલન ગરમર ગાજીપુર ઉત્તરપ્રદેશ ખાતે યોજાયેલ હતું. જેમાં ગુલાબચંદ પટેલને 'સાહિત્ય સરોજ હિન્દી મૈત્રી સન્માન' એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. નાદુરસ્ત તબિયતના કારણે ગુલાબચંદ પટેલ કાર્યક્રમમાં હાજર હટી ન શકવાથી 'વોટ્સએપ' દ્વારા સન્માનપત્ર મોકલવામાં આવેલ છે. આ કાર્યક્રમ અખંડ પ્રતાપસિંહ ગરમર દ્વારા યોજવામાં આવેલ હતો. ગુલાબચંદ પટેલ ગાંધીનગરનું ગૌરવ વધારેલ છે. તેઓને સાહિત્યજગત તરફથી અભિનંદન વર્ષા થઈ રહેલ છે.

શૅલ્બી હૉસ્પિટલ દ્વારા શુક્રવારે સાંધાના દર્દો અંગે ફ્રી ચેક-અપ કૅમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

અમદાવાદની ખ્યાત શૅલ્બી હૉસ્પિટલ દ્વારા સર્વોદય નગર સિનિયર સિટિઝન્સના સૌજ્યથી ગાંધીનગરના નાગરિકો માટે સાંધાના દર્દો અંગે માહિતી અને દર્દીઓ માટે ફ્રી ચેક-અપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

શૅલ્બી હૉસ્પિટલના સ્થાપક, સીએમડી અને ગાંધીનગરના નાગરિક ડૉ. વિક્રમ આઈ શાહ દ્વારા આ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ડૉ. વિક્રમ શાહ શૅલ્બી હૉસ્પિટલ ખાતે જોઈન્ટ રિપ્લેસમેન્ટના દરરોજ ૩૫ જેટલા ઑપરેશન્સ કરે છે અને તેઓ અત્યાર સુધીમાં ૮૦ હજાર જેટલાં આવાં ઑપરેશન સફળતાપૂર્વક કરી ચૂક્યા છે.

'મને સમાજે ઘણું આપ્યું છે ને હવે હું સમાજને પરત આપવાનો પ્રયાસ કરી રહ્યો છું' એવી લાગણી વ્યક્ત કરતાં ડૉ. વિક્રમ શાહે આ કાર્યક્રમ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે આગામી તારીખ ૩૦ ડિસેમ્બર ને શુક્રવારે સવારે ૧૦.૩૦ થી સાંજે ૫.૦૦ કલાક દરમિયાન સિનિયર સિટિઝન ગાર્ડન, સર્વોદય નગર, સેક્ટર-૩૦, ગાંધીનગર ખાતે આ નિઃશુલ્ક માહિતી અને ચેક-અપ કૅમ્પ યોજવામાં આવશે.

સ્વાસ્થ્યપ્રેમી સૌ નગરજનોને આ કૅમ્પમાં ઉપસ્થિત રહી સાંધાના દર્દો અંગે માહિતી પ્રાપ્ત કરવા તથા સાંધાના દર્દીઓને નિઃશુલ્ક ચેક-અપની સેવા પ્રાપ્ત કરવા માટે આયોજક સંસ્થાઓ દ્વારા ઈજન પાઠવવામાં આવ્યું છે.

ગુજરાત સ્ટેટ વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપમાં

જિલ્લાની ટીમ ૧૨ ગોલ્ડ મેડલ્સ સાથે દ્વિતીય સ્થાને

ગાંધીનગર, તા. ૨૮

તાજેતરમાં ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશન દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી, ગાંધીનગર અને રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં સહયોગથી રાજ્ય કક્ષાની વાડોકાઈ કરાટે સ્પર્ધા યોજાઈ ગઈ. આ સ્પર્ધામાં ગાંધીનગર સહિત કુલ ૧૦ જિલ્લામાંથી ૪૫૮ જેટલા ચુનંદા કરાટેવીર-વીરાંગનાઓએ ભાગ લીધો હતો. જેમાં આણંદની ટીમ ૨૫ ગોલ્ડ મેડલ્સ સાથે પ્રથમ સ્થાને અને ગાંધીનગરની ટીમ ૧૨ ગોલ્ડ મેડલ્સ સાથે દ્વિતીય સ્થાને રહી હતી.

વિજેતા ખેલાડીઓને મેડલ્સ એનાયત કરી પ્રોત્સાહિત કરવા માટે સુરક્ષા સેતુ સોસાયટી, ગાંધીનગરનાં નોડલ ઓફિસર તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં કાર્યરત એવા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પી. સી. વલેરા, રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પ્રમુખ અને વાડોકાઈ કરાટે એસોસીએશનનાં ભારતનાં

ટેકનિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, વાડોકાઈ કરાટે એસોસીએશનનાં ચેરમેન શ્રી રાજેશભાઈ અગ્રવાલ, રોટરી ક્લબ ઓફ કેપિટલનાં પૂર્વ પ્રમુખ શ્રી મનોજભાઈ સરૈયા, સેક્રેટરી શ્રી અભેરાજભાઈ ચૌધરી, સર્વીસ પ્રોજેક્ટનાં ચેરમેન ડૉ. અંકુરભાઈ પરમાર અને પબ્લિક રીલેશનનાં ચેરમેન શ્રી પાર્થભાઈ ઠક્કર ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. આ ઉપરાંત વાડોકાઈ કરાટેનાં ગુજરાતનાં ચીફ ઈન્સ્ટ્રક્ટર સેનસાઈ શ્રી ગૌરાંગભાઈ રાણા, અકેડમીનાં પૂર્વ બ્લેક બેલ્ટ અને હાલ લંડન સ્થિત શ્રી ભાવીનભાઈ સુથાર સહિત દરેક જિલ્લા નિયામકોએ પણ વિજેતા ખેલાડીઓને મેડલ્સ એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા.

આ સ્પર્ધામાં ગાંધીનગરની ટીમનાં જે ખેલાડીઓએ ગોલ્ડ મેડલ્સ મેળવ્યા છે તેમાં શ્રી પૂણ્ય ટી. ઠક્કર, શ્રી પર્વ કે. શાહ, શ્રી દિવ્યજીત જે. વાઘેલા, શ્રી હેમન વી. પાંડેય, શ્રી મુંજાલ વી. વ્યાસ, શ્રી મેધાંશ આર. મીના, શ્રી વિશ્વમ બી. ચૌધરી, કુ. દિશા એસ. સરીન, કુ. અનેરી આર. પટેલ, કુ. આશ્ના પી. શિવા, કુ. હિમાદ્રી ટી. વર્મા અને કુ. ખુશી વી. પટેલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૩ ખેલાડીઓએ સિલ્વર મેડલ્સ મેળવ્યા હતા અને ૩૪ ખેલાડીઓએ સેમી ફાઈનલ ફાઈટ્સમાં પ્રવેશ મેળવ્યો હતો. આ તમામ ખેલાડીઓને તેમના કોચ શ્રી ગૌરાંગભાઈ રાણા, શ્રી જિગ્નેશભાઈ ત્રિવેદી, શ્રી યોગેશ વિશ્વકર્મા, શ્રી દર્શન સુથાર, શ્રી સુરજ ત્રિપાઠી, મદદનીશ કોચ શ્રી કેતન ચૌધરી અને શ્રી હનુ પરમાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.